| |
|---|
| **ઝઘડીયાના મે.એડી.ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મુ.ઝઘડીયા. જિલ્લો ભરૂચ** |

**<u>ક્રિમીનલ કેસ નં.૨૨/૨૦૧૯</u>**

**આંક–**

**::ફોર્મ–એ::**

| | |
|---|---|
| **એડી.ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ, મુ.ઝઘડીયા, જિલ્લો ભરૂચ**<br>હુકમની તારીખ:–૧૩/૦૪/૨૦૨૬<br>**ક્રિમીનલ કેસ નં.૨૨/૨૦૧૯** | |
| **પોલીસ સ્ટેશન** | ઉમલ્લા પો.સ્ટે. તા.ઝગડીયા, જી.ભરૂચ |
| **ગુન્હો** | ઈ.પી.કો કલમ ૩૩૨,૫૦૪,૫૦૬(૨),૪૨૭, ૧૧૪ તથા જી.પી.એકટ ૧૩૫ તથા પબ્લીક પ્રોપર્ટી એકટ કલમ ૩(૨), ઈ મુજબ |
| **ફરીયાદી** | શ્રી સરકાર |
| **ફરીયાદી તરફે** | વિ.એ.પી.પી.શ્રી એ.સી.સોલંકી |

**–:: વિરૂધ્ધ ::–**

| | |
|---|---|
| **આરોપી** | (૧) વિપુલભાઈ લકડીયાભાઈ વસાવા,<br>(૨) પ્રકાશભાઈ શાંતીલાલ વસાવા,<br>બંને રહે. ઉચ્છબ, તા. ઝઘડીયા,<br>(૩) અરૂણભાઈ ભીખજીભાઈ વસાવા,<br>રહે હીંગોરીયા,તા.ઝઘડીયા,જી.ભરૂચ, |
| **આરોપી તરફે** | વિ.વકીલશ્રી–બી.આર.શાહ |

**::ફોર્મ–બી::**

| | |
|---|---|
| ગુન્હો બન્યા તારીખ | તા.૦૪/૦૯/૨૦૧૮ |
| એફ.આઈ.આરની તારીખ | તા.૦૪/૦૯/૨૦૧૮ |
| ચાર્જશીટ દાખલ થયાની તારીખ | તા.૨૬/૧૧/૨૦૧૮ |
| તહોમતનામાની તારીખ | તા.૨૯/૦૧/૨૦૧૯ |
| પુરાવો શરૂ થયાની તારીખ | તા.૦૧/૦૧/૨૦૨૦ |

| | |
|---|---|
| હુકમ ઉપર લીધેલાની તારીખ | તા.૧૩/૦૪/૨૦૨૬ |
| હુકમ જાહેર કર્યા તારીખ | તા.૧૩/૦૪/૨૦૨૬ |
| સજાનો હુકમ જાહેર કર્યા તારીખ | – |

**::આરોપી ની વિગત::**

| | |
|---|---|
| આરોપીનો ક્રમ | (૩) |
| આરોપીનુ નામ | (૧) વિપુલભાઈ લકડીયાભાઈ વસાવા,<br>(૨) પ્રકાશભાઈ શાંતીલાલ વસાવા,<br>(૩) અરૂણભાઈ ભીખજીભાઈ વસાવા, |
| ઘરપકડ કર્યા તારીખ | તા.૦૬/૦૯/૧૮ |
| જામીન મુકત કર્યા તારીખ | તા.૧૫/૦૯/૧૮ |
| કયો ગુન્હો નોધાયેલ | ઈ.પી.કો કલમ ૩૩૨,૫૦૪,૫૦૬(૨),૪૨૭, ૧૧૪ તથા જી.પી.એકટ ૧૩૫ તથા પબ્લીક પ્રોપર્ટી એકટ કલમ ૩(૨), ઈ મુજબ |
| છોડી મુકેલ કે સજા કરેલ | છોડી મુકેલ |
| સજા કર્યાની વિગત | – |
| ક્રિ.પો.કોડની કલમ ૪૨૮ મુજબ ન્યાયિક કાર્યવાહી દરમ્યાન જેલમા રહેલ સમય | – |

**::ફોર્મ સી::**

**એ–ફરિયાદપક્ષે તપાસેલ સાહેદોના પુરાવાની યાદી**

| ક્રમ. | સાહેદનુ નામ | સાહેદનો પ્રકાર | આંક |
|---|---|---|---|
| **૧** | ગોકુળભાઈ વજાભાઈની જુબાની | ફરીયાદી | ૭ |
| **૨** | રાજેશભાઈ ચતુરભાઈની જુબાની | પંચ સાહેદ | ૯ |
| **૩** | વિનોદભાઈ ઈન્દુભાઈની જુબાની | પંચ સાહેદ | ૧૨ |

| | | | |
|---|---|---|---|
| ૪ | જશુભાઈ છીતાભાઈની જુબાની | પંચ સાહેદ | ૧૪ |
| ૫ | રાજેન્દ્રભાઈ કાંતીભાઈની જુબાની | સાહેદ | ૨૦ |
| ૬ | જયંતીભાઈ કોયજીભાઈની જુબાની | સાહેદ | ૨૧ |
| ૭ | પ્રવિણ સિંહ ઉમેદસિંહની જુબાની | સાહેદ | ૨૭ |
| ૮ | ઝંખના શંકરભાઈની જુબાની | મેડીકલ ઓફીસર | ૩૫ |
| ૯ | રાજેન્દ્રકુમાર મુળજીભાઈની જુબાની | ત.ક.અ | ૩૯ |

**બી– આરોપીપક્ષે તપાસેલ સાહેદોના પુરાવાની યાદી:– સાહેદો તપાસેલ નથી.**
**સી– અદાલતે તપાસેલ સાહેદોના પુરાવાની યાદી:– સાહેદો તપાસેલ નથી.**

**<u>એ– ફરીયાદપક્ષ ધ્વારા આપવામા આવેલ દસ્તાવેજી પુરાવાઓને આંકની યાદી</u>**

| ક્રમ | આંક | વર્ણન |
|---|---|---|
| ૧. | ૮ | ફરીયાદ |
| ૨. | ૧૦ | ગુનાવાળી જગ્યાનુ પંચનામું |
| ૩. | ૧૩ | હથીયાર રીકવરી પંચનામું |
| ૪ | ૩૬ | મેડીકલ સર્ટી |
| ૫ | ૩૭ | પોલીસ યાદી |

**બી– બચાવપક્ષ ધ્વારા આપવામા આવેલ દસ્તાવેજી પુરાવાઓને આંકની યાદી:– પુરાવા રજુ નથી.**
**સી– અદાલત ધ્વારા આપવામા આવેલ દસ્તાવેજી પુરાવાઓને આંકની યાદી:– પુરાવા રજુ નથી.**
**ડી– અદાલત સમક્ષ લેવામા આવેલ તકરારો તથા તેનુ વર્ણન:– નથી.**

**<u>–: ચૂ કા દો :–</u>**

(૧) ફરિયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે,આ કામના આરોપી વિપુલભાઈ લકકડીયા વસાવા તથા તેની સાથેના સહ

આરોપીઓએ ફરીયાદીને બસ ઉપર કેમ લાવે છે તેમ કહી ગમે તેમ ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી આરોપી વિપુલભાઈ લકકડીયાભાઈએ તેના હાથમાના પાવડા વડે ફરીયાદીને મારવા જતા ડ્રાયવર સાઈડના સાઈડ ગ્લાસ તથા બારીનો કાચ તોડી નાખી આથી ફરીયાદીને ઈજા પહોચાડી સરકારી બસને નુકશાન કરી એકબીજાની મદદગારી કરી જીલ્લા મેજી.શ્રી ના જાહેરનામાનો ભંગ કરી, ઈ.પી.કો કલમ ૩૩૨,૫૦૪,૫૦૬(૨),૪૨૭, ૧૧૪ તથા જી.પી.એકટ ૧૩૫ તથા પબ્લીક પ્રોપર્ટી એકટ કલમ ૩(૨), ઈ મુજબનો ગુનો કરી જેની ફરિયાદ ફરિયાદીએ આપતા આ કામે તપાસ કરનાર અમલદારે જરૂરી પંચનામાઓ કરી તેમજ લાગતા વળગતા સાહેદોના નિવેદનો નોંધી તપાસના અંતે આરોપીઓ વિરૂઘ્ધ પુરતો પુરાવો જણાતા સદરહુ કામે આરોપીઓ સામે ચાર્જશીટ રજુ કરેલ.

**(૨)** આ કામે ચાર્જશીટ આવ્યા બાદ નામ.કોર્ટ તરફથી આરોપીઓ વિરુધ્ધ સમન્સ કાઢવામાં આવતા આરોપીને સમન્સ બજી ગયેલ હોય આરોપી નામ.કોર્ટમાં હાજર થયેલ છે. આ કામે આરોપીઓને પોલીસ તપાસના કાગળોની તમામ નકલો ક્રિ.પ્રો. કોડની કલમ–૨૦૭ અન્વયે વિના મુલ્યે પુરી પાડયાની ખાતરી કર્યા બાદ તહોમતનામું ફરમાવી ઉપરોકત ગુનાના કામે પ્લી લેતાં આરોપીને સદરહુ ગુનો કબુલ ન હોવાનું જણાવતા, જેથી સદરહુ કામ ફરિયાદ પક્ષના પુરાવા ઉપર રાખવામાં આવેલ.

**(૩)** ફરીયાદપક્ષે પુરાવો પુરો થયા બાદ, આ કામે ક્રીમી.પ્રોસી.કોડની કલમ ૩૧૩ અન્વયે આરોપીઓનું વિશેષ નિવેદન નોંધવા લાયક પુરાવો જણાઈ આવતા વિશેષ નિવેદન લેવામાં આવેલ છે.જેમા તેઓએ કહેવાતો ગુનો કરેલ નથી તેઓ નિર્દોષ હોવાનુ જણાવેલ છે.

(૪) ત્યારબાદ સદરહુ કામે ફરીયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી તથા બચાવ પક્ષ તરફે વિધ્વાન વકીલશ્રી ની મૌખિક દલીલો સાંભળવામાં આવેલ છે.

(૫) સદરહુ કામે નિર્ણય માટે નીચે મુજબના મુદૃા ઉપસ્થિત થાય છે.

**:::-- મુદૃા --:::**

**<u>મુદૃા નં.૧</u>** શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે,આ કામના આરોપી વિપુલભાઈ લકકડીયા વસાવા તથા તેની સાથેના સહ આરોપીઓએ ફરીયાદીને બસ ઉપર કેમ લાવે છે તેમ કહી ગમે તેમ ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી આરોપી વિપુલભાઈ લકકડીયાભાઈએ તેના હાથમાના પાવડા વડે ફરીયાદીને મારવા જતા ડ્રાયવર સાઈડના સાઈડ ગ્લાસ તથા બારીનો કાચ તોડી નાખી આથી ફરીયાદીને ઈજા પહોચાડી સરકારી બસને નુકશાન કરી એકબીજાની મદદગારી કરી જીલ્લા મેજી.શ્રી ના જાહેરનામાનો ભંગ કરી, ઈ.પી.કો કલમ ૩૩૨,૫૦૪,૫૦૬(૨),૪૨૭, ૧૧૪ તથા જી.પી.એકટ ૧૩૫ તથા પબ્લીક પ્રોપર્ટી એકટ કલમ ૩(૨), ઈ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે?

**<u>મુદૃા નં.૨.</u>** શું હુકમ?

(૬) ઉપરોકત મુદૃાઓના મારા જવાબો નીચે મુજબ છે. :

(૧) નકારમાં,
(૨) આખરી હુકમ મુજબ.

**<u>// કા ર ણો //</u>**

**<u>મુદૃા નં.૧ અને ૨ અંગે :-</u>**

**(૭)** સદર કામે આરોપીઓ વિરૂધ્ધ ઈ.પી.કો કલમ ૩૩૨,૫૦૪,૫૦૬(૨),૪૨૭, ૧૧૪ તથા જી.પી.એકટ ૧૩૫ તથા પબ્લીક પ્રોપર્ટી એકટ કલમ ૩(૨), ઈ મુજબનો ગુન્હો કર્યા અંગેનુ તહોમત છે. સદરહુ તહોમત નિ:શંકપણે પુરવાર કરવાનો બોજો ફરીયાદપક્ષ ઉપર રહેલ છે.

**(૭.૧)** સૌપ્રથમ આરોપીઓ વિરૂધ્ધ આક્ષેપાયેલ ગુન્હા અંગેની કાયદાકીય જોગવાઈઓ ધ્યાને લેવી જરૂરી છે.

**આઈ.પી.સી. કલમ ૩૩૨. જાહેર નોકરને પોતાની ફરજ બજાવતા અટકાવવા માટે સ્વેચ્છાપૂર્વક વ્યથા પહોંચાડવી. :-**

કોઈ પણ વ્યકિત, કોઈ જાહેરનોકરને એવી હેસિયતથી તે પોતાની ફરજ બજાવતી હોય ત્યારે અથવા તે જાહેરનોકરને કે અન્ય જાહેરનોકરને એવી હેસિયતથી પોતાની ફરજ બજાવતા અટકાવવા કે રોકવના ઈરાદાથી અથવા તેણે એવા જાહેરનોકરની હેસિયતથી પોતાની કાનૂની ફરજ બજાવતા કોઈ કક્રત્ય કર્યુ હોય કે કરવાની કોશિશ કરી હોય તે કારણે જાહેર નોકરને સ્વેચ્છાપૂર્વક વ્યથા પહોં ચાડે તેને ત્રણ વર્ષ સુધીની બેમાંથી કોઈ પ્રકારની કેદ અથવા દંડ અથવા બન્ને સજા કરવામાં આવશે.

**ઈ.પી.કો.કલમ ૪૨૭:-પચાસ રૂપિયાનું નુકસાન થાય તેવી બગાડ:-**

કોઈ પણ વ્યકિત, બગાડ કરીને પચાસ રૂપિયાનું અથવા તેથી વધુ રકમનું નુકસાન અથવા હાની કરે તેને બે વર્ષ સુધીની બેમાંથી કોઈ પણ પ્રકારની કેદ અથવા દંડ અથવા તે બને સજા કરવામાં આવશે.

**ઈ.પી.કો.કલમ ૫૦૪. સુલેહભંગ કરવા ઉશ્કેરવાના ઈરાદાથી અપમાન. :–**

ઉશ્કેરાઈ જઈને કોઈ વ્યકિત જાહેર સુલેહશાંતિનો ભંગ કરે અથવા કોઈ ગુન્હો  કરે અથવા કોઈ ગુન્હો કરી બેસે તેવા ઈરાદાથી અથવા કોઈ વ્યકિત જાહેર સુલેહ શાંતિનો ભંગ કરશે અથવા કોઈ ગુન્હો કરી બેસશે તેવી સંભવ હોવાનું જાણવા છતાં, કોઈ પણ વ્યકિત ઈરાદાપૂર્વક અન્ય કોઈ વ્યકિતનું અપમાન કરીને તેને એવા ઉશ્કેરાટનું કારણ આપે તેને બે વર્ષ સુધીની બેમાંથી કોઈ પ્રકારની કેદ અથવા દંડ અથવા તે બન્ને સજા કરવામાં આવશે.

**ઈ.પી.કો.કલમ ૫૦૬(૨) ગુન્હાહિત ધમકીની સજા. :–**

કોઈ પણ વ્યકિત, ગુન્હાહિત ધમકી આપે તેને બે વર્ષ સુધીની બેમાં થી કોઈ પ્રકારની કેદ અથવા દંડ અથવા તે બન્ને સજા કરવામાં આવશે: જો તે ધમકી મૃત્યુ નિપજાવવાની અથવા મહાવ્યથા કરવાની અથવા આગળથી કોઈ મિલકતનો નાશ કરવાની અથવા આજીવન કેદની અથવા સાત વર્ષ સુધીની કેદની સજાને પાત્ર ગુન્હો કરવાની હોય અથવા સ્ત્રી પર ચારિત્ર હીનતાનો આક્ષેપ કરવાની હોય તો તેને સાત વર્ષ સુધીની કોઈ પ્રકારની કેદ અથવા દંડ અથવા તે બન્ને સજા કરવામાં આવશે:

**કલમ ૧૧૪. ગુન્હો આચરવામાં આવે ત્યારે મદદગારની હાજરી :–**

૧. પોતે હાજર ન હોય અને પોતે કરેલી મદદગારીના પરિણામે થયેલાં જે કૃત્ય માટે મદદગાર તરીકે કોઈ વ્યકિત સજને પાત્ર થાય તેવું કૃત્ય

પોતાની હાજરીમાં થાય તો તેણે પોતે તે કૃત્ય અથવા ગુન્હો કર્યો છે તેમ ગણાશે.

**<u>જી.પી.એકટ કલમ ૧૩૫:- કલમો ૩૭,૩૯ અથવા ૪૦ મુજબના નિયમ અથવા હુકમોનુ ઉલ્લંઘન કરવા બદલ શિક્ષા:-</u>**

કલમ ૩૭,૩૯ અથવા ૪૦ મુજબ કાયદેસર રીતે કરવામા આવેલા કોઈપણ હુકમનુ પાલન ન કરનાર અથવા તેનુ પાલન ન કરવામા કોઈને મદદ કરનારને ગુનો સાબિત થયેથી શિક્ષાની જોગવાઈ છે.

**<u>કલમ-૩: જાહેર મિલકતને નુકશાન પહોંચાડતી તોફાન:-</u>**

(૨) જે કોઈ જાહેર મિલકતના સંદર્ભમાં કોઈ કૃત્ય કરીને મીસચીફ/બગાડ કરે છે જે:

(ઈ) જાહેર પરીવહન અથવા ટેલીકોમ્યુનિકેશનના કોઈપણ સાધન, અથવા તેના સંબંધમા ઉપયોગમા લેવાતી કોઈપણ ઈમારત, સ્થાપન અથવા અન્ય મિલકતને છ મહિનાથી ઓછી નહી પરંતુ પાંચ વર્ષ સુધીની સખત કેદ અને દંડની સજા થશે: જો કે કોર્ટ, તેના ચુકાદામાં નોંધાયેલા કારણોને ધ્યાનમા રાખીને, છ મહિનાથી ઓછી મુદતની કેદની સજા ફટાકારી શકે છે.

અહી ઈ.પી.કો કલમ ૪૨૫ મા વર્ણવેલ બગાડ/મીસચીફની વ્યાખ્યા પણ વંચાણે લેવી જરૂરી છે:-

**ઈ.પી.કો કલમ–૪૨૫: બગાડ:–**

જે કોઈ વ્યકિત, લોકોને અથવા કોઈ વ્યકિતને ગેરકાયદેસર નુકશાન અથવા હાનિ કરવાના ઈરાદાથી અથવા પોતે તેમ કરશે એવો સંભવ હોવાનુ જાણવા છતાં કોઈ મિલકતનો નાશ કરે અથવા કોઈ મિલકતમા કે તેની સ્થિતિમાં એવો કોઈ ફેરફાર કરે કે જેથી તેની કિંમત અથવા ઉપયોગિતામા ઘટાડો થાય કે નાશ પામે અથવા તેને તેનાથી નુકશાન થાય, તે વ્યકિત '' બગાડ'' કરે છે.

**(૭.૨)** ઉપરોકત મુજબની જોગવાઈઓને ઘ્યાને લેતા સ્પષ્ટ છે કે, હાલના કેસમા ફરીયાદપક્ષે નિ:શંકપણે પુરવાર કરવાનુ રહે છે કે હાલના આરોપીઓએ જાણી જોઈ પબ્લીક સર્વન્ટને તેની ડયુટી કરતા અટકાવવાના ઈરાદે જાહેરમા બિભસ્ત વર્તન કરી જાનથી મારી નાખવાની ધમકી આપી સરકારી પ્રોપર્ટીને નુકશાન કરવાના ઈરાદે સ્વેચ્છાએ નુકશાન કરી ઈજા કરવાના ઈરાદે જ ઈજા પહોચાડેલ તથા સરકારી જાહેરનામાથી પ્રતિબંધીત હથીયારનો ઉપયોગ સદર ગુનાહીત કૃત્ય કરવા માટે કરેલ હતો. અહીં એ પણ સ્પષ્ટ છે કે, આરોપીઓ વિરૂઘ્ઘ ગંભીર ગુનાહિત કૃત્ય કર્યાનુ તહોમત છે. આથી ફરીયાદપક્ષે પણ તે સચોટ રીતે એટલે કે કયા આરોપીએ ચોકકસ કયુ કૃત્ય કર્યુ તે નિ:શંકપણે પુરવાર કરવાનુ રહે છે.

**(૭.૩)** હવે ફરીયાદપક્ષની આંક–૮ થી રજુ ફરીયાદની હકીકતો ઘ્યાને લેવામા આવે તો આ કામના ફરીયાદીએ એસ.ટી બસના ડ્રાયવર એટલે કે સરકારી કર્મચારી છે તેઓની ફરીયાદની હકીકત મુજબ જયારે તેઓ તેમની સરકારી

બસ લઈ રાજપીપળાથી સુરત જવા નીકળેલા ત્યારે હરીપુરા બસ સ્ટેન્ડ પાસે આવતા રોડનુ કામ ચાલુ હતુ. આથી વાહનો ધીમે ધીમે એક જ રોડ પર આવતા હતા ત્યારે સામેથી એક મો.સા ચાલક આવેલ જેથી બસ ઉભી રાખી દીધેલ અને મો.સા ચાલક ગમે તેમ ગાળો બોલી '' મારા પર બસ કેમ નાખે છે'' તેમ કહી આગળ ગયેલો પછી ફરીયાદી બસ લઈ થોડે આગળ હરીપુરા પાટીયા પાસે પહોંચતા તે મો.સા ચાલક ફરી આવી બસ આગળ મો.સા ઉભી રાખેલ અને નજીકમાથી પાવડો લઈ આવેલ અને બીજો માણસ પણ દોડી આવેલ અને બંને ગાળો બોલી તને જીવતો નહી છોડુ તેમ કહી મા બેન સમાણી ગાળો આપી મો.સા ચાલકે પાવડો મારવા જતા ડ્રાયવર સાઈડના ગ્લાસ તુટી ગયેલ. જેનો કાચ ફરીયાદીને વાગતા જમણા હાથે આંગળીમાં ઈજા થયેલ, પછી કંડકટર સાઈડનો ગ્લાસ પણ તોડી બસને પાવડો મારતા અર્ધા ફુટ જેટલુ પતરૂ કાપી નાખેલ, પછી હરીપુરા ફળીયાના માણસો આવતા મો.સા ચાલક મો.સા લઈને નાસી ગયેલ, પછી હાજર ગામના માણસોએ કહેલ કે બસનુ નુકશાન કરનાર હરીપુરાનો વિપુલ લકકડીયા વસાવા હતો અને બીજો પ્રકાશ શાંતીલાલ હતો અને બીજા બે માણસોના નામ જણાવેલ નહી. આમ, ફરીયાદીએ વિપુલ લકકડીયા વિરૂઘ્ધ તથા બીજા બે વિરૂઘ્ધ ફરીયાદ આપેલી.

(૭.૪) સદર ફરીયાદીએ પોતાની આંક–૭ થી રજુ જુબાનીમા ફરીયાદ મુજબની જુબાની આપેલ છે. પરંતુ અહી સ્પષ્ટ છે કે ફરીયાદી આરોપીઓને ઓળખતા ન હતા બીજા ના કહેવાથી તે મુજબના નામ ફરીયાદમા જણાવેલા. વધુમા ફરીયાદમાં બે ઈસમોના નામ જણાવેલા બીજા અજાણ્યા બે ઈસમ એમ ચાર જણા વિરૂઘ્ધ ફરીયાદ આપેલાનુ જણાય છે. જયારે ચાર્જશીટ ત્રણ આરોપી વિરૂઘ્ધ છે. ફરીયાદીએ જુબાની સમયે બે આરોપીઓને ઓળખી બતાવેલ છે પરંતુ નામ ખબર

નથી તેવુ જણાવેલ છે. વધુમા મુદદામાલ પાવડો ઓળખી બતાવી જે આરોપીના હાથમા હોવાનુ જણાવેલ છે તે આરોપી નં.૧ વિપુલભાઈના હાથમા હોવાનુ જણાવેલ છે.

**(૭.૫)** અહી, ફરીયાદીની ફરીયાદ, સરતપાસ, ઉલટતપાસ વિગેરે ધ્યાને લેવામા આવે તો જણાય છે કે, ફરીયાદીએ જાતે જણાવેલ છે કે, હરીપુરા બસ સ્ટેન્ડ પાસે રોડનુ કામ ચાલુ હોય વાહનો ધીમી ધીમે જતા હતા અને સામેથી આવેલ મો.સા ચાલકે ફરીયાદીને કહેલ કે '' મારી ઉપર બસ કેમ નાખે છે''. આમ પ્રથમ બનાવ જે બન્યો તે ફરીયાદીએ જે રીતે પોતાની બસ ચલાવી તે કારણે બનેલાનુ જણાય છે. અહી સુધી મો.સા ચાલકનો કોઈપણ ઈરાદો સરકારી બસના ડ્રાયવરને બસ ચલાવવામા અવરોધ કરવાનો હોય કે બસ ચલાવતા રોકવાનો ઈરાદો હોય તેવુ જણાતુ નથી. અહીં સ્પષ્ટ થાય છે કે ફરીયાદીનો મો.સા ચાલક સાથે પ્રથમ બનાવ બસ યોગ્ય રીતે નહી ચલાવવા બાબતે બનેલો. ફરીયાદી આ સમયે પોતે શું બોલ્યા અને એવુ તો શુ બન્યુ કે મો.સા ચાલક જે આગળ જતો રહેલો તે પાછો બસ પાસે આવેલ તે ફરીયાદી કયાંય જણાવતા નથી.

**(૭.૬)** વધુમા ફરીયાદીએ બનાવ સમયે ભેગા થયેલ લોકો પાસેથી આરોપીના નામ જાણેલાની હકીકતમાં છે પરંતુ આ કામે આંક–૨૧ થી તપાસવામા આવેલ સાહેદ જયંતીભાઈ કોયજીભાઈ કે જેઓની બનાવ સ્થળે પાસે દુકાન ગલ્લો આવેલ છે તેમણે બનાવ હકીકતને સમર્થન આપેલ નથી કે હાલના કોઈપણ આરોપી બનાવ સ્થળે હોવાની હકીકત જણાવેલ નથી. તેવી જ રીતે સાહેદ પ્રવિણસિંહ ઉમેદસિંહ કે જેઓ બનાવ સ્થળે પહોંચી આરોપીઓને સમજાવી છુટા પડાવેલ હોય તેવી હકીકત પોલીસ નિવેદનમા લખાવેલ હોય તેવા સાહેદ પણ પોતાની આંક–૨૭ થી રજુ કોર્ટ રૂબરૂની જુબાનીમા બનાવની કોઈ જ

હકીકતને સમર્થન આપેલ નથી કે આરોપીઓ બનાવ સ્થળે હાજર હોવાની હકીકતને સમર્થન આપેલ નથી.

**(૭.૭)** વધુમા સદર એસ.ટી બસના કન્ડકટર એવા સાહેદ રાજેન્દ્રભાઈ કાંતીભાઈ નાઓ પણ પોતાની આંક–૨૦ થી રજુ જુબાનીમા આરોપીઓને ઓળખી શકુ નહી તેવુ જણાવેલ છે. જોકે તેઓએ ફરીયાદની હકીકત જેવી કે એક મો.સા ચાલકે બસ આગળ મો.સા ઉભી કરી ગાળા ગાળી કરી બસનો ડાબી સાઈડનો કાચ તોડી નાખેલ અને બસનુ પતરૂ પાવડાથી કાપી નાખેલ અને મો.સા ચાલકનુ ઉપરાણુ લઈ બે ત્રણ–ચાર માણસો આવી ગયેલા વિગેરે હકીકતો જુબાનીમા જણાવેલ છે.

**(૭.૮)** આ કામે આંક–૩૫ થી મેડીકલ ઓફીસરને તપાસતા આંક–૩૬ થી ફરીયાદીનુ સારવાર સર્ટીફિકેટ રેકર્ડ પર આવેલ છે જેમા જણાય છે કે બનાવના બીજા દિવસે બપોરે ૧:૧૦ ના રોજ ફરીયાદીએ સારવાર લીધેલ છે જેમા ફરીયાદીને ડાબા હાથની છેલ્લી આંગળી પર છોલાયેલુ ૪ સે.મી × ૨ સે.મી માસ પેશી સુધીનો ઘા હતો. આ તબકકે આંક–૮ થી રજુ ફરીયાદ જોવામા આવે તો તેમા જમણા હાથની આંગળી પર ઈજા કરેલાનો ઉલ્લેખ છે. અહીં ફરીયાદની ઈજા એ કારણથી શંકાસ્પદ બને છે કે ફરીયાદીએ ફરીયાદમાં જમણા હાથની આંગળીમા ઈજા થયેલાનુ જણાવી આ ઈજાની સારવાર બનાવના બીજા દિવસે બતાવી ડાબા હાથની આંગળીનુ સારવાર સર્ટીફિકેટ લીધેલ છે જે ઘણી આશ્ચર્યજનક બાબત છે.

**(૭.૯)** આ કામે ફરીયાદની હકીકત મુજબ મો.સા ચાલક નજીકમાથી પાવડો લઈ આવી બસને નુકશાન કરેલાની હકીકત છે. એટલે કે અહીં આરોપી પ્રથમથી જ પાવડો લઈને આવેલા હોય તેવુ નથી કે પાવડો આરોપીની માલિકીનો હોય તેવુ

પણ નથી. વધુમા ફરીયાદની હકીકત મુજબ આજુબાજુના લોકો ભેગા થતા આરોપી મો.સા લઈને જતો રહેલો. હવે આરોપી પાવડો પણ લઈને જતો રહેલો તેવો કોઈ ઉલ્લેખ ફરીયાદમા નથી. આ તબકકે આંક–૧૩ થી રજુ આરોપીઓનુ અટક રીકવરી પંચનામુ વંચાણે લેવામા આવે તો આરોપીઓ હથીયાર સાથે પો.સ્ટેમાં હાજર થયેલા હોય પંચનામુ કરવામા આવેલ છે અને આરોપી વિપુલભાઈએ પાવડો રજુ કરેલ છે. જોકે સદર પંચનામાના પંચ સાહેદોએ પંચનામાની હકીકતને સમર્થન કરેલ નથી. આમ, પંચનામું યોગ્ય રીતે પુરવાર થયેલ પણ નથી પરંતુ અહી એ બાબત ઘણી શંકાસ્પદ બને છે કે, બનાવ સ્થળ અન્ય કોઈના ઘર પાસેથી લેવામા આવેલ પાવડો કે જે આરોપી સાથે લઈ ગયા નથી તે બનાવના બે ત્રણ દિવસ બાદ જાતે શોધી કેવી રીતે પો.સ્ટેમાં રજુ કર્યો.

**(૭.૧૦)** અહીં, તપાસ કરનાર અમલદારની ભુમિકા અને તપાસ પણ શંકા ઉપજાવનારી બની રહે છે. આંક–૩૯ થી તપાસવામા આવેલ તપાસ કરનાર અમલદાની જુબાની વંચાણે લેવામા આવે તો રેકર્ડ પરના કાગળો મુજબની જુબાની આપેલ છે. પરંતુ સરકારી બસના ડ્રાયવર ધ્વારા અન્ય લોકોના કહેવા મુજબના આરોપીઓના નામની ફરીયાદ હોય તો તપાસ કરનાર અમલદારની જવાબદારી સચોટ તપાસ કરવાની બની રહે છે. આ કામે હાલના આરોપીઓ જ બનાવ સ્થળે હાજર હતા તે પુરવાર કરવા આરોપીઓની અટક બાદ ફરીયાદી ડ્રાયવર કે સાહેદ કંડકટરને બોલાવી કોઈ વધારાનુ નિવેદન કે ઓળખ પરેડ કરવામા આવેલ નથી. ત્રીજા આરોપીની અટક કયા નિવેદન કે કયા આધારે કરી તે પણ તપાસ કરનારે પોતાની જુબાનીમા જણાવેલ નથી. વધુમા ફરીયાદમા જો જમણા હાથની આંગળીમાં ઈજા હોવાની હકીકત હતી તો સારવાર સર્ટીફિકેટમા

ડાબા હાથની આંગળીની સારવાર શા માટે દર્શાવેલ છે તે પણ કોઈ તપાસ તપાસ કરનાર અમલદારે કરી હોય તેવુ જણાતુ નથી. વધુમા જો બનાવવાળી જગ્યાનુ પંચનામું તેઓએ બનાવ સ્થળે કર્યુ હોય તો ફરીયાદના બીજા દિવસે શાં માટે કર્યુ તે પણ કોઈ ખુલાસો તપાસ કરનાર અમલદાર ધ્વારા કરવામા આવેલ નથી. વધુમા આંક–૧૦ થી રજુ બનાવવાળી જગ્યાના પંચનામા મુજબ પંચનામુ તા. ૦૫/૦૯/૧૮ ના કલાક ૧૦:૪૫ વાગ્યે શરૂ કરવામા આવેલ છે. આ કામની ફરીયાદ એટલે કે એફ.આઈ.આર તા. ૦૪/૦૯/૧૮ ના રોજ ૧૮:૦૫ કલાકે એટલે કે સાંજે ૬:૦૫ વાગ્યે આપવામા આવેલી છે. ફરીયાદી નાઓએ ઉલટતપાસમા સ્વીકારેલ હકીકત મુજબ તેઓ બસ લઈને પો.સ્ટે ફરીયાદ લખાવવા ગયેલ હતા તો શું બનાવના એક દિવસ બાદ પંચનામુ કરવા માટે બસ ફરી સ્થળ ઉપર લઈ ગયેલ હતા. આ બાબતોથી જણાય છે કે, બનાવવાળી જગ્યાનુ પંચનામુ પણ સ્થળ ઉપર થયેલ નથી. બનાવવાળી જગ્યાના પંચ સાહેદ રાજેશભાઈ ચતુરભાઈએ પણ પોતાની આંક–૯ થી રજુ જુબાનીમા પંચનામાની હકીકતને સમર્થન આપેલ નથી. આમ, પંચનામામાં બસને થયેલ નુકશાનનુ જે વર્ણન કરવામા આવેલ છે તે હકીકત પણ પુરવાર થયેલ નથી. તપાસ કરનાર અમલદારની તપાસ પણ અત્યંત ખામીયુકત જણાઈ આવે છે.

**(૭.૧૧)** સમગ્રપણે ફરીયાદપક્ષના પુરાવાઓનુ ઝીણવટપૂર્વકનુ મુલ્યાંકન કરવામા આવે તો પ્રથમ બનાવ ફરીયાદી ડ્રાયવર સાથે બસ યોગ્ય રીતે ચલાવવા બાબતે મો.સા ચાલક સાથે બનેલો. આ સમયે ફરીયાદી કેવા શબ્દો બોલ્યા વિગેરે બાબતની કોઈ તપાસ રેકર્ડ પર આવેલ નથી. મો.સા ચાલકનો ઈરાદો સરકારી બસ નહી ચાલવા દે તેવો હોય તેવુ કોઈપણ રીતે જણાતુ નથી. ફરીયાદપક્ષના પુરાવામા બનાવમા વપરાયેલ હથીયાર પાવડાની રીકવરી

પણ યોગ્ય રીતે પુરવાર થયેલ નથી. આરોપીઓની ઓળખ પણ શંકાસ્પદ છે. ફરીયાદીએ પણ જુબાનીમા માત્ર આરોપી નં.૧ ને ઓળખી તેના હાથમા પાવડો હોવાનુ જણાવી તેનુ નામ ખબર નથી તેવુ જણાવેલ છે. પરંતુ આ હકીકતને સાથેના કડંકટર સાહેદે સમર્થન કરેલ નથી. નજરે જોનાર તરીકેના સાહેદોએ પણ કોર્ટ રૂબરૂ હાલના આરોપીઓ વિરૂધ્ધ કોઈ જ પુરાવો આપેલ નથી. તપાસ કરનાર અમલદાર ધ્વારા પણ બનાવ સમયે અને સ્થળે હાલના આરોપીઓ જ હાજરહતા તે બાબતે કોઈ સચોટ તપાસ કરવામા આવલ નથી. બસનુ નુકશાન દર્શાવતુ પંચનામુ પણ યોગ્ય રીતે પુરવાર થયેલ નથી. આરોપીઓની અટક બાદ ફરીયાદી ડ્રાયવર કે સાહેદ કંડકટર ધ્વારા આરોપીઓને ઓળખી બતાવવામા આવ્યા હોય અને તે ધ્વારા કોના હાથમા હથીયાર હતુ તે નકકી થયુ હોય તેવુ પણ બનેલ નથી. વધુમા ફરીયાદીની ઈજા અને સારવાર પણ શંકાસ્પદ છે. આવા સંજોગોમાં એવુ માની લઈ શકાય નહી કે હાલના જ આરોપીઓ બનાવ સ્થળે હાજર હતા અને સરકારી ફરજમા અવરોધ કરવા માત્રના ઈરાદાથી સરકારી કર્મચારીને જાહેરનામાથી પ્રતિબંધિત હથીયારથી ઈજા કરવાના ઈરાદે સ્વેચ્છાપૂર્વક ઈજા પહોચાડવામા આવેલ તેમજ સરકારી જાહેર મિલકતને નુકશાન પહોચાડવાના ઈરાદા સાથે જાણી જોઈને નુકશાન પહોચાડવામા આવેલ હતુ. વધુમા આરોપીઓ ચોકકસ શું બોલ્યા તે પણ રેકર્ડ પર આવેલ નથી કે આરોપીઓની ધમકીના કારણે ફરીયાદી રોજબરોજના કાર્યો કરવામા અસમર્થ બનેલા હોય તેવુ પણ રેકર્ડ પર આવેલ નથી.

(૮) ઉપરકોત તમામ ચર્ચા મુજબ આરોપીઓ વિરૂધ્ધ આક્ષેપાયેલ તહોમત પુરવાર કરવા સારૂના ફરીયાદપક્ષના પુરાવાઓમા ઘણી મહત્વની ખામીઓ રહેલ છે આવા સંજોગોમાં આરોપીઓ વિરૂધ્ધ આક્ષેપાયેલ તહોમત નિ:શંકપણે પુરવાર

કરવામા ફરીયાદપક્ષ નિષ્ફળ ગયેલ હોય તમામ શંકાઓનો લાભ આરોપીપક્ષે જઈ રહેલ હોય આરોપીઓને તકસીરવાન ઠરાવી શકાય નહી અને તે મુજબ જ મુદા નં.૧ નો જવાબ નકારમા આપી મુદા નં.૨ પરત્વે નીચે મુજબનો હુકમ કરવામા આવે છે.

## / / <u>આખરી હુકમ</u> / /

(૧) આ કામના આરોપીઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ : ૨૪૮ (૧) અન્વયે ઈ.પી.કો કલમ ૩૩૨,૫૦૪,૫૦૬(૨),૪૨૭, ૧૧૪ તથા જી.પી.એકટ ૧૩૫ તથા પબ્લીક પ્રોપર્ટી એકટ કલમ ૩(૨), ઈ મુજબ ગુના સબબ નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) મુદામાલનો અપીલ સમય વિત્યેથી નાશ કરવાનો હુકમ કરવામા આવે છે.

(૩) આરોપીઓએ ક્રિ.પ્રો.કો.ક.૪૩૭(એ) મુજબના રૂ.૫૦૦૦/–ના જામીન અપીલ પીરીયડ સુધીના આપવાનો હુકમ આથી હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ: ૧૩/૦૪/૨૦૨૬
સ્થળ : ઝગડીયા.

**(ઈ.આર.ક્ષત્રિય)**
એડી.ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ,
ઝગડીયા.
**યુનીક જજ કોડ – જી.જે.૦૧૧૯૭**